**સુરતના ચૌદમાં એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, સુરત.**

ફોજદારી કેસ નંબર : ૧૦૦૦૮૨ /૧૯૯૨ .

**આંક–૧ તળેનો હુકમ :–**

(૧) આ કામે સુરતના એ.પી.પી.શ્રી, એમ.એલ.દેસાઈ ની આંક–__ની હાલનો કેસ પરત ખેંચવાની સી.આર.પી.સી.કલમ–૩૨૧ ની અરજી તળેનો વિસ્તૃત હુકમ ધ્યાને લેતાં, આ કોર્ટ ધ્વારા સી.આર.પી.સી.કલમ–૩૨૧ ની જોગવાઈ તથા નામદાર સુપ્રિમ SM8"GF [1980] 0 AIR(SC) 1510 Rajender Kumar Jain: Manohar Lal: Attorney General For India Vs. State Through Special Police Establishment: Bansi Lal: State Of Haryana Gı ચુકાદા તથા નામદાર ગુજરાત CF.SM8"GF [1992] 2 GLR 1569 BHANJIKHAN JAHAJIK HAN MALEK Vs. ABDULMUNIR R.MAHESANIA ના ચુકાદાઓ ધ્યાને લેતાં, એ.પી.પી.શ્રી ને શ્રી સરકાર તર્ફે, આ કામના આરોપી સામેનો હાલનો કેસ જાહેર તથા પબ્લીકના વિશાળ હિતમાં અને સમાજના તમામ વર્ગો વચ્ચે લાંબા ગાળા સુધી શાંતિ જળવાઈ રહે તેવા શુભ આશયથી ( in order to further the broad ends of public justice, public order and peace ) પરત ખેંચવાની પરવાનગી આપવામાં આપેલ હોઈ અને તે અનુસંધાને એ.પી.પી.શ્રી, એમ.એલ.દેસાઈ ધ્વારા આંક–______હાલનો કેસ પરત ખેંચવા વીડ્રો પુરશીશ આપેલ છે અને તે પુરશીશ આ કોર્ટ ધ્વારા રેકર્ડ કરવામાં આવેલ છે. તે તમામ સંજોગોમાં, હાલનો કેસ તે રીતે સી.આર.પી.સી. કલમ–૩૨૧ ની જોગવાઈ મુજબ વીડ્રો તરીકે ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે તથા આંક–૧ તળે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

–: હુ ક મ :–

(૧) આ કામના આરોપીને, તેમની સામે સુરત ____________________ પોલીસ સ્ટેશનમાં, ફર્સ્ટ ગુના રજીસ્ટર નંબર : થી નોંધાયેલ, ઈ.પી.કો.કલમ : ___________________________ મુજબના ગુનાના કામે, ડીસ્ચાર્જ કરી છોડી મુકવામાં આવે છે.

(૨) આ કામના આરોપીઓના બેલ–બોન્ડ રદ કરવામાં આવે છે.

(૩) આ કામે કબજે કરેલ મુદ્દામાલ અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ : ૧૨મી માહે : માર્ચ, સને–૨૦૨૨ ના રોજ આયોજિત સ્પેશ્યલ સીટીગમાં વાંચી, સંભળાવી, જાહેર કર્યો.

સુરત.
તારીખ : ૧૨–૦૩–૨૦૨૨.

(જે.પી. પરમાર)
ચૌદમાં એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
સુરત